## DEPARTMENTAL EXAM

# Paper 3-AB, RULES AND REGULATIONS OF THE EDUCATION DEPARTMENT

**Total Marks : 100**

| | |
|---|---|
| ૧ | જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના અધ્યક્ષને હોદા પરથી દૂર કરવા અંગે ઓછામાં ઓછા કેટલા સભ્યોએ તરફેણમાં મત (સંમતિ) આપેલ હોવી જોઈએ ?<br>(A) બે તૃતીયાંશ ભાગના સભ્યો (B) એક ચતુર્થાંશ ભાગના સભ્યો<br>(C) ત્રીજા ભાગના સભ્યો (D) અડધા ભાગના સભ્યો |
| ૨ | જિલ્લા સ્કૂલ બોર્ડ એટલે...<br>(A) કલમ–૨ અન્વયે રચાયેલું બોર્ડ (B) કલમ–૪ અન્વયે રચાયેલું બોર્ડ<br>(C) કલમ–૩ અન્વયે રચાયેલું બોર્ડ (D) કલમ–૫ અન્વયે રચાયેલું બોર્ડ |
| ૩ | ' મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો–૧૯૪૯ અંતર્ગત સ્કૂલ બોર્ડના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના મુસાફરી ભથ્થાં ચુકવવા અંગેની જોગવાઈ કયા નિયમમાં કરવામાં આવેલ છે ?<br>(A) નિયમ–૩૧ (B) નિયમ–૩૩<br>(C) નિયમ–૩૦ (D) નિયમ–૨૦ |
| ૪ | મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ–૧૯૪૭ની કઈ કલમથી ખાનગી શાળાના શિક્ષકોને બરતરફ કરવાની જોગવાઈ છે ?<br>(A) કલમ–૪૦ (ક) (B) કલમ–૪૦ (ખ)<br>(C) કલમ–૪૦ (ગ) (D) કલમ–૪૦ (ડ) |
| ૫ | મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો–૧૯૪૯ અનુસાર ખાનગી પ્રાથમિક શાળા એક વર્ગમાં વધુમાં વધુ કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકે છે ?<br>(A) ૪૫ (B) ૫૦<br>(C) ૬૦ (D) ૪૫ ઉપરાંત ૫ |
| ૬ | મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો–૧૯૪૯ ના કયા નિયમ હેઠળ નવી શાળાઓ ખોલવાની જોગવાઈ છે?<br>(A) નિયમ–૩૧ (B) નિયમ–૩૨<br>(C) નિયમ–૩૩ (D) નિયમ–૩૪ |
| ૭ | મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમો–૧૯૪૭ ની કઈ કલમ મુજબ બાળકને નોકરીએ રાખવા બદલ શિક્ષાની જોગવાઈ છે ?<br>(A) કલમ–૩૨ (B) કલમ–૩૩<br>(C) કલમ–૩૪ (D) કલમ–૩૬ |

| | |
|---|---|
| ૮ | એક ખાનગી પ્રાથમિક શાળા વિદ્યાર્થીના વાલીને મંડળમાં દાન આપવા ફરજ પાડે છે. આ કયા નિયમની વિરુધ્ધ છે ?<br>(A) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો–૧૯૪૯ ના નિયમ–૧૦૬ (ક)<br>(B) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો–૧૯૪૯ ના નિયમ–૧૦૬ (ખ)<br>(C) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો–૧૯૪૯ ના નિયમ–૧૦૩<br>(D) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો–૧૯૪૯ ના નિયમ–૧૦૪ |
| ૯ | કર્મચારીને છૂટા કર્યાના પ્રમાણપત્રમાં નીચે પૈકી કઈ બાબતનો સમાવેશ થતો નથી ?<br>(A) કર્મચારીનું પુરુનામ (B) મળેલો પગાર<br>(C) ચારિત્ર (D) હંગામી/ કાયમી છે કે કેમ ? |
| ૧૦ | શાળાની નીચેની નોંધવહીઓ પૈકી કઈ નોંધવહી કાયમી રાખવામાં આવે છે ?<br>(A) સમયપત્રક (B) ઉંમરના દાખલાની ફાઈલો<br>(C) વયપત્રક (D) વીઝીટ બુક |
| ૧૧ | મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો–૧૯૪૯ ના નિયમ–૭૫ મુજબ અપીલ અધિકારી તરીકે કોણ છે ?<br>(A) શિક્ષણ નિરીક્ષક (B) વહીવટી અધિકારી<br>(C) જિલ્લા શિક્ષણાધિકારી (D) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી |
| ૧૨ | નિયમ–૧૨૮ મુજબ પ્રાથમિક શાળામાં દાખલ થવાની તારીખે બાળકની ઉંમર કેટલી હોવી જોઈએ ?<br>(A) ૪ વર્ષ પુરા કર્યા હોવા જોઈએ (B) ૫ વર્ષ પુરા કર્યા હોવા જોઈએ<br>(C) ૬ વર્ષ પુરા કર્યા હોવા જોઈએ (D) આ પૈકી કોઈ નહીં. |
| ૧૩ | જિલ્લા પંચાયત હસ્તકની પ્રાથમિક શાળા કાયમને માટે બંધ થાય તો જનરલ રજીસ્ટર (વયપત્રક) કોને સોંપવાની જોગવાઈ છે ?<br>(A) જિલ્લા વિકાસ અધિકારી સુચવે તે નજીકની પ્રાથમિક શાળા<br>(B) તાલુકા કેળવણી નિરીક્ષક સુચવે તે નજીકની પ્રાથમિક શાળા<br>(C) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સુચવે તે નજીકની પ્રાથમિક શાળા<br>(D) જિલ્લા શિક્ષણ સમિતિ સુચવે તે નજીકની પ્રાથમિક શાળા |
| ૧૪ | પ્રાથમિક શાળાનું બાળક તેના પિતાને તેમના ધંધામાં મદદ કરવા માટે શાળામાં પાંચ દિવસ સુધી આવી શકે તેમ નથી તેના પિતા રજા માટે વિનંતિ કરે છે. બાળકની રજાની મંજૂરી અંગે શી જોગવાઈ છે ?<br>(A) ગેરહાજરી ને રજા તરીકે મંજૂર કરી શકાય નહિ.<br>(B) ગેરહાજરીને રજા તરીકે મંજૂર કરી શકાય પરંતુ જિલ્લા વિકાસ અધિકારી મંજૂર કરી શકે.<br>(C) ગેરહાજરીને રજા તરીકે મંજૂર કરી શકાય પરંતુ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મંજૂર કરી શકે.<br>(D) ગેરહાજરીને રજા તરીકે મંજૂર કરી શકાય, પરંતુ જિલ્લા શિક્ષણ સમિતિમાં મંજૂર કરવી પડે. |
| ૧૫ | માન્ય અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓના શિક્ષકોના પગાર ભથ્થાંની ચૂકવણી નીચેના પૈકી કઈ કચેરી મારફતે થાય છે ?<br>(A) જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી (B) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરી<br>(C) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરી (D) તાલુકા રીસોર્સ કો.ઓર્ડીનેટર |

| | |
|---|---|
| ૧૬ | જિલ્લા પંચાયત હસ્તકના પ્રાથમિક શિક્ષકોને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ખાતે જુનિયર લેકચરર તરીકે લોન સેવા તરીકે નિમણૂંક આપવાની જોગવાઈ મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો–૧૯૪૯ ના કયા નિયમમાં જોગવાઈ છે ?<br>(A) નિયમ–૪૦ (B) નિયમ–૨૦<br>(C) નિયમ–૩૭ (D) નિયમ–૩૯ |
| ૧૭ | ગુજરાત રાજયમાં ખાનગી શાળાના સ્ટાફની નોકરીની શરતો મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમોમાં કઈ અનુસૂચિમાં દર્શાવેલ છે ?<br>(A) અનુસૂચિ–ક (B) અનુસૂચિ–ખ<br>(C) અનુસૂચિ–છ (D) અનુસૂચિ–જ |
| ૧૮ | જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત શાળાના પ્રાથમિક શાળાના શિક્ષક સામેની ફરિયાદના કારણે બદલી કરનાર સક્ષમ સત્તાધિકારી કોણ છે ?<br>(A) જિલ્લા શિક્ષણ સમિતિના અધ્યક્ષ (B) જિલ્લા વિકાસ અધિકારી<br>(C) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી (D) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી |
| ૧૯ | મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ–૧૯૪૭ ની કલમ–૨૧ મુજબ સ્કુલ બોર્ડમાં એક વહીવટી અધિકારી રહેશે તે જોગવાઈ સંદર્ભ નીચેના પૈકી કોણ વહીવટી અધિકારી ગણાય ?<br>(A) જિલ્લા વિકાસ અધિકારી (B) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી<br>(C) જિલ્લા નાયબ વિકાસ અધિકારી (D) જિલ્લા નાયબ પ્રાથમિક શિક્ષણાધિકારી |
| ૨૦ | મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ–૧૯૪૭ માં જિલ્લા સ્કૂલ બોર્ડમાં મહત્તમ કેટલા સભ્યો રાખવાની જોગવાઈ છે ?<br>(A) ૧૬ થી વધુ નહી. (B) ૧૫ થી વધુ નહીં.<br>(C) ૧૪ થી વધુ નહીં. (D) ૧૭ થી વધુ નહીં. |
| ૨૧ | મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ–૧૯૪૭ માં જિલ્લા સ્કૂલ બોર્ડના સભ્યની ગેરલાયકાત પૈકી નીચેનામાં થી કયું વિધાન સાચું છે ?<br>(A) સભ્યની ઉંમર ૨૦ વર્ષથી ઓછી હોય (B) સભ્યની ઉંમર ૧૮ વર્ષથી ઓછી હોય<br>(C) સભ્યની ઉંમર ૨૮ વર્ષથી ઓછી હોય (D) સભ્યની ઉંમર ૨૩ વર્ષથી ઓછી હોય |
| ૨૨ | જિલ્લામાં આવેલ પ્રાથમિક શાળાઓની તપાસણી માટે તપાસણી સ્ટાફની જોગવાઈ મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ–૧૯૪૭ ની કઈ કલમમાં જોગવાઈ છે ?<br>(A) કલમ–૪૮ (B) કલમ–૪૯<br>(C) કલમ–૪૬ (D) કલમ–૪૭ |
| ૨૩ | મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો–૧૯૪૯ માં મદદનીશ શિક્ષણ નિરીક્ષકની સત્તા ફરજો કયા નિયમમાં દર્શાવેલ છે ?<br>(A) નિયમ–૧૬૭ (B) નિયમ–૧૭૦<br>(C) નિયમ–૧૬૮ (D) નિયમ–૧૬૯ |

| | |
|---|---|
| ૨૪ | સ્કૂલ બોર્ડના અધ્યક્ષે પ્રાથમિક શિક્ષણના વિસ્તરણ અને વિકાસ માટે જિલ્લાનો પ્રવાસ કેટલા દિવસ કરવાની જોગવાઈ છે ?<br>(A) દર ત્રણ માસે ૧૮ દિવસ (B) દર ત્રણ માસે ૨૧ દિવસ<br>(C) દર ત્રણ માસે ૧૫ દિવસ (D) દર ત્રણ માસે ૧૨ દિવસ |
| ૨૫ | મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો–૧૯૪૯ માં સ્કૂલ બોર્ડની બેઠકની કાર્યનોંધ બેઠક મળ્યા બાદની તારીખથી કેટલા દિવસમાં લખવાની જોગવાઈ છે ?<br>(A) ૧૫ દિવસ (B) ૧૪ દિવસ<br>(C) ૩૦ દિવસ (D) ૨૧ દિવસ |
| ૨૬ | માધ્યમિક શાળાના આચાર્ય બનવા માટે હાલ કઈ પરીક્ષા પાસ કરવી અનિવાર્ય છે ?<br>(A) HMAT (B) TAT<br>(C) HTAT (D) HTET |
| ૨૭ | બોર્ડની બેઠકમાં અધ્યક્ષ અને નાયબ અધ્યક્ષ બંને ગેરહાજર હોય તેવા કિસ્સામાં બોર્ડની બેઠકનું અધ્યક્ષ સ્થાન કોણ સંભાળી શકે ?<br>(A) બોર્ડના સચિવ<br>(B) બોર્ડના અધ્યક્ષે લેખિત આદેશથી નિયુકત કરેલ વ્યકિત<br>(C) બોર્ડના બેઠકમાં હાજર સભ્યો પોતાનામાંથી એક સભ્ય ચૂંટીને પસંદ કરેલ વ્યકિત<br>(D) રાજય સરકાર દ્વારા નિયુકત સભ્ય પૈકી કોઈ એક સભ્ય પોતાનામાંથી પસંદ કરેલ |
| ૨૮ | સંચાલક મંડળે નવી બિન અનુદાનિત શાળાની માંગણી કરેલ છે. બોડ શાળા ના–મંજૂર કરેલ છે. શાળા સંચાલક મંડળ બોર્ડના નિર્ણયની સામે કોને અપીલ કરવાની જોગવાઈ ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ અધિનિયમમાં છે ?<br>(A) બોર્ડના અધ્યક્ષને (B) રાજય સરકારને<br>(C) શિક્ષણ નિયામકને (D) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરને |
| ૨૯ | " ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ" ગુજરાત વિધાનસભામાં કયા અધિનિયમ ક્રમાંક થી અને વર્ષમાં મંજૂર થયેલ હતો ?<br>(A) Gujarat Act No: 18 of 1972 (B) Gujarat Act No: 18 of 1974<br>(C) Gujarat Act No: 18 of 1973 (D) Gujarat Act No: 17 of 1972 |
| ૩૦ | " ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ–૧૯૭૨ " માં સુધારો થઈને " ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ–૧૯૭૨" એવું કયા કાયદાથી થયું ?<br>(A) સન ૧૯૯૯ ના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૦૩<br>(B) સન ૧૯૭૮ ના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૩૨<br>(C) સન ૨૦૧૦ ના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૦૨<br>(D) સન ૨૦૦૨ ના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૧૪ |

| | |
|---|---|
| ૩૧ | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમમાં કુલ કેટલા પ્રકરણો છે ?<br>(A) ૧૦ (દશ) (B) ૦૮ (આઠ)<br>(C) ૦૭ (સાત) (D) ૦૯ (નવ) |
| ૩૨ | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની રચનાની જોગવાઈ અધિનિયમની કઈ કલમમાં નિર્દેશ કરેલી છે ?<br>(A) કલમ–૩ (B) કલમ–૨<br>(C) કલમ–૪ (D) કલમ–૫ |
| ૩૩ | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમમાં છેલ્લો સુધારો નીચેના પૈકી કયા અધિનિયમથી થયેલ છે ?<br>(A) સન.૨૦૨૦ ના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૫<br>(B) સન.૨૦૧૦ ના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨<br>(C) સન.૨૦૧૮ ના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૧૫<br>(D) સન.૨૦૦૨ ના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૧૪ |
| ૩૪ | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમમાં કુલ કેટલી કલમો છે ?<br>(A) ૫૮ (B) ૫૬<br>(C) ૫૯ (D) ૫૭ |
| ૩૫ | રજીસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાનો વહીવટ રાજય સરકાર હસ્તક લેવાની જોગવાઈ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમની કઈ કલમમાં નિર્દેશ કરેલ છે ?<br>(A) કલમ–૩૨<br>(B) કલમ–૩૪<br>(C) કલમ–૩૩<br>(D) કલમ–૩૧ |
| ૩૬ | રજીસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળા સંચાલકમંડળ શાળા બંધ કરવા ઈચ્છે છે તે શાળા મંડળે બોર્ડને લેખિત નોટીસ આપી શાળાબંધ કરવાની જોગવાઈ અધિનિયમની કલમ–૪૪ માં છે. આ જોગવાઈ અનુસાર કેટલા મહિના અગાઉ નોટીસ આપવાની જોગવાઈ છે ?<br>(A) જે તારીખથી શાળા બંધ કરવા ધાર્યુ હોય તે તારીખથી ઓછામાં ઓછા ૧૨ (બાર) મહિના અગાઉ નોટીસ આપ્યા સિવાય શાળા બંધ કરી શકાશે નહિ.<br>(B) જે તારીખથી શાળા બંધ કરવા ધાર્યુ હોય તે તારીખથી ઓછામાં ઓછા ૦૩ (ત્રણ) મહિના અગાઉ નોટીસ આપ્યા સિવાય શાળા બંધ કરી શકાશે નહિ.<br>(C) જે તારીખથી શાળા બંધ કરવા ધાર્યુ હોય તે તારીખથી ઓછામાં ઓછા ૦૯ (નવ) મહિના અગાઉ નોટીસ આપ્યા સિવાય શાળા બંધ કરી શકાશે નહિ.<br>(D) જે તારીખથી શાળા બંધ કરવા ધાર્યુ હોય તે તારીખથી ઓછામાં ઓછા ૦૬ (છ) મહિના અગાઉ નોટીસ આપ્યા સિવાય શાળા બંધ કરી શકાશે નહિ. |

| | |
|---|---|
| ૩૭ | રાજ્ય સરકારને શિક્ષણ પક્રિયા સબંધે અધિનિયમની કલમ–૧૭ માં નિર્દેશ કરેલ તમામ અથવા તે પૈકી કોઈપણ બાબતના સબંધમાં પોતાને જરૂરી લાગે તેવા આદેશો આપવાની સત્તા રહેશે. તેવી જોગવાઈ અધિનિયમની કઈ કલમમાં છે ?<br>(A) કલમ–૪૭ (B) કલમ–૪૮<br>(C) કલમ–૪૯ (D) કલમ–૪૩ |
| ૩૮ | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમમાં બોર્ડની રચનાની જોગવાઈ છે, જેમાં આખરી સુધારા મુજબ વિધાનસભાના સભ્યોમાંથી કેટલા સભ્યો પસંદ કરવાની જોગવાઈ થયેલ છે ?<br>(A) ૦૨ (B) ૦૩<br>(C) ૦૫ (D) ૦૪ |
| ૩૯ | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં ચૂંટાયેલા સભ્યોએ પોતાના હોદ્દા પરથી રાજીનામું આપવું હોય તો તે રાજીનામું કોને સંબોધીને આપવાની જોગવાઈ છે ?<br>(A) રાજ્ય સરકાર (B) અગ્ર સચિવ શિક્ષણ<br>(C) બોર્ડના અધ્યક્ષ (D) બોર્ડના સચિવ |
| ૪૦ | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની બેઠક દરવર્ષે ઓછામાં ઓછી કેટલીવાર મળવી જોઈએ તેવી જોગવાઈ અધિનિયમમાં છે ?<br>(A) ૦૩ (ત્રણ) (B) ૦૨ (બે)<br>(C) ૦૪ (ચાર) (D) ૦૧ (એક) |
| ૪૧ | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમની કલમ–૧૭ માં નીચેના પૈકી કઈ જોગવાઈ નિયત થયેલ છે ?<br>(A) પરીક્ષા સમિતિની સત્તા અને ફરજો (B) કારોબારી સમિતિની સત્તા અને ફરજો<br>(C) શૈક્ષણિક સમિતિની સત્તા અને ફરજો (D) બોર્ડની સત્તા અને ફરજો |
| ૪૨ | રજીસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાના આચાર્ય સામે શાળા સંચાલક મંડળે શિક્ષાત્મક કાર્યવાહી કરવા માટે ગુ. મા. અને ઉ. મા. શિક્ષણ અધિનિયમની કઈ કલમ મુજબ કાર્યવાહી કરવાની રહે ?<br>(A) કલમ–૩૫ (B) કલમ–૩૬<br>(C) કલમ–૩૪ (D) કલમ–૩૭ |
| ૪૩ | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમની કલમ–૪૦ (ક) માં નીચેના પૈકી કઈ જોગવાઈ છે ?<br>(A) લઘુમતી સંચાલક મંડળો સંચાલીત શાળાઓને અધિનિયમની કેટલીક જોગવાઈઓ લાગુ પડશે નહિ.<br>(B) ખાનગી માધ્યમિક શાળાઓના કર્મચારી માટે ટ્રીબ્યુનલની જોગવાઈ.<br>(C) ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની ભરતીની જોગવાઈ.<br>(D) ખાનગી શાળાઓનો વહીવટ રાજ્ય સરકારને હસ્તક લેવાની જોગવાઈ. |
| ૪૪ | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમની કઈ કલમમાં વિનિયમો કરવાની બોર્ડની સત્તાની જોગવાઈ છે ?<br>(A) કલમ–૫૨ (B) કલમ–૫૩<br>(C) કલમ–૫૪ (D) કલમ–૫૧ |

| | |
|---|---|
| ૪૫ | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમની કઈ કલમમાં નવી શાળા શરૂ કરવા અંગેની જોગવાઈ છે ?<br>(A) કલમ–૩૧ (B) કલમ–૩૨<br>(C) કલમ–૩૩ (D) કલમ–૩૦ |
| ૪૬ | ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો–૧૯૪૭ અનુસાર બોર્ડના કોષાધ્યક્ષ તરીકે કોણ કામ કરે છે ?<br>(A) બોર્ડના અધ્યક્ષ (B) બોર્ડના સેક્રેટરી<br>(C) બોર્ડના ઉપાધ્યક્ષ (D) કારોબારી સમિતિના અધ્યક્ષ |
| ૪૭ | માધ્યમિક શાળાના આચાર્યની લાયકાત 'ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો–૧૯૭૪ ' ના કયા વિનિયમ હેઠળ નિયત થયેલ છે ?<br>(A) વિનિયમ–૨૦ (૪) (B) વિનિયમ–૨૦ (૩)<br>(C) વિનિયમ–૨૦ (૨) (D) વિનિયમ–૨૦ (૧) |
| ૪૮ | એક અનુદાનિત માધ્યમિક શાળામાં આઠ વર્ગો ચાલે છે તો તે શાળાને સુપરવાઈઝરની કેટલી જગ્યા મળે ?<br>(A) શૂન્ય (B) ત્રણ<br>(C) એક (D) બે |
| ૪૯ | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમનું અમલીકરણ કઈ તારીખથી શરૂ થયેલ છે ?<br>(A) તારીખ : ૧૫–૦૩–૧૯૭૪ (B) તારીખ : ૧૬–૦૩–૧૯૭૪<br>(C) તારીખ : ૧૦–૦૩–૧૯૭૪ (D) તારીખ : ૧૮–૦૩–૧૯૭૪ |
| ૫૦ | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ચૂંટણી માટેની કાર્યરીતિના નિયમોની જોગવાઈ ગુ. મા. અને ઉ. મા. શિક્ષણ વિનિયમોના કયા નિયમમાં દર્શાવેલ છે ?<br>(A) વિનિયમ–૪ (B) વિનિયમ–૩<br>(C) વિનિયમ–૫ (D) વિનિયમ–૬ |
| ૫૧ | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં અભ્યાસ સમિતિના સભ્યોની મુદત કેટલા વર્ષની હોય છે ?<br>(A) પાંચ (B) ચાર<br>(C) બે (D) ત્રણ |
| ૫૨ | બોર્ડની કારોબારી સમિતિની બેઠક બોર્ડની કચેરીના બદલે અંબાજી મુકામે બોલાવવી છે. વિનિયમની જોગવાઈ મુજબ કોની મંજૂરી મેળવવી પડે ?<br>(A) રાજ્ય સરકાર (B) શિક્ષણ નિયામક<br>(C) બોર્ડના સચિવ (D) બોર્ડના અધ્યક્ષ |
| ૫૩ | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની કારોબારી સમિતિમાં " વર્ગ–ખ " ચૂંટાયેલા સભ્યોમાંથી કેટલા સભ્યો પસંદ કરવાની જોગવાઈ વિનિયમમાં છે ?<br>(A) છ (B) ચાર<br>(C) પાંચ (D) સાત |

| | |
|---|---|
| ૫૪ | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની શૈક્ષણિક સમિતિ વિનિયમોની જોગવાઈ મુજબ કુલ કેટલા સભ્યોની બનેલી હોય છે ?<br>(A) સાત (B) દસ<br>(C) આઠ (D) નવ |
| ૫૫ | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં નાણાં સમિતિમાં વિનિયમોની જોગવાઈ મુજબ કેટલા સભ્યો હોય છે ?<br>(A) દસ (B) આઠ<br>(C) સાત (D) નવ |
| ૫૬ | નવી બિન અનુદાનિત શાળા શરૂ કરવા માટે નોંધણી કરવાની જોગવાઈ ગુ. મા અને ઉ. મા. શિક્ષણ વિનિયમોના કયાં વિનિયમમાં નિર્દેશ કરેલ છે ?<br>(A) વિનિયમ–૭ (B) વિનિયમ–૮<br>(C) વિનિયમ–૬ (D) વિનિયમ–૯ |
| ૫૭ | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમોમાં રજીસ્ટર સામાન્ય પ્રકારની માધ્યમિક શાળાના કોઈપણ ધોરણના વર્ગમાં વધુમાં વધુ કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની સત્તા શાળાના આચાર્યને છે ?<br>(A) ૬૦ (B) ૫૫<br>(C) ૬૫ (D) ૪૦ |
| ૫૮ | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમોમાં થયેલ જોગવાઈ મુજબ શાળાના નિયમિત નિમણૂંક થયેલ કર્મચારીએ નોકરીમાંથી રાજીનામું આપવા માટે શાળા સંચાલક મંડળને કેટલા દિવસની નોટીસ આપવાની જોગવાઈ છે ?<br>(A) ૬૦ દિવસ (B) ૯૦ દિવસ<br>(C) ૩૦ દિવસ (D) ૧૨૦ દિવસ |
| ૫૯ | ખાનગી રજીસ્ટર થયેલ માધ્યમિક શાળામાં ફરજ બજાવતા સેવક (પટાવાળા) ની નિવૃત્તિની ઉંમર કેટલા વર્ષની નિયત થયેલ છે ?<br>(A) ૫૮ વર્ષ (B) ૬૨ વર્ષ<br>(C) ૬૦ વર્ષ (D) ૬૫ વર્ષ |
| ૬૦ | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ–૧૯૭૪ ના વિનિયમ–૧૬ થી નીચેના પૈકી કઈ જોગવાઈ થયેલ છે ?<br>(A) વિદ્યાર્થીઓનું સ્વાસ્થ અને શારીરિક સુખાકારી (B) વિદ્યાર્થીના પ્રવેશની શરતો<br>(C) વિદ્યાર્થીની કસોટી (D) વિદ્યાર્થીઓની શિસ્ત |
| ૬૧ | પૂર્ણકાલિન શિક્ષકે શાળાની જરૂરિયાત પ્રમાણે વિરામનો સમયબાદ કરતાં કેટલા કલાક શાળાની જગામાં હાજર રહેવું જોઈએ તેવી જોગવાઈ ગુ. મા. અને ઉ. મા. શિક્ષણ વિનિયમ–૧૯૭૪ ના નિયમ–૨૮ માં થયેલ છે?<br>(A) ૨૭ કલાક (B) ૩૦ કલાક<br>(C) ૨૧ કલાક (D) ૨૩ કલાક |

| | |
|---|---|
| ૬૨ | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં રચાયેલ કારોબારી સમિતિમાં "વર્ગ–ખ" અને "વર્ગ–ગ" ના કેટલા–કેટલા સભ્યો નિયુકત કરવાની જોગવાઈ છે ?<br>(A) " વર્ગ–ખ " ના છ સભ્યો " વર્ગ–ગ " ના બે સભ્યો<br>(B) " વર્ગ–ખ " ના છ સભ્યો " વર્ગ–ગ " ના એક સભ્ય<br>(C) " વર્ગ–ખ " ના ચાર સભ્યો " વર્ગ–ગ " ના બે સભ્યો<br>(D) " વર્ગ–ખ " ના ચાર સભ્યો " વર્ગ–ગ " ના એક સભ્ય |
| ૬૩ | રજીસ્ટર થયેલી ખાનગી કે સરકારી શાળામાં માધ્યમિક વિભાગમાં નિભાવવામાં આવતા નીચેના પૈકી કયું રજીસ્ટર કાયમી દફતર છે ?<br>(A) વય પત્રક (B) શિક્ષકોના પગાર બીલો<br>(C) વિદ્યાર્થીઓની ફી નો રોજમેળ (D) વિદ્યાર્થીઓના હાજરી પત્રક |
| ૬૪ | ધોરણ–૯ થી ધોરણ–૧૨ નો અભ્યાસક્રમ નીચેના પૈકી કોણ તૈયાર કરે છે ?<br>(A) જી. સી. ઈ. આર. ટી.<br>(B) શાળા પાઠયપુસ્તક મંડળ<br>(C) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ<br>(D) સમગ્ર શિક્ષા અભિયાનની કચેરી |
| ૬૫ | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા નીચેના પૈકી કઈ પરીક્ષાનું આયોજન થતું નથી ?<br>(A) ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ (GUJCET)<br>(B) ધોરણ–૧૦ ની જાહેર પરીક્ષા (SSCE)<br>(C) ટેલેન્ટ સર્ચ ટેસ્ટ (TST)<br>(D) નેશનલ ટેલેન્ટ સર્ચ એકઝામ (NTSE) |
| ૬૬ | સહાયક અનુદાન નિયમ સંગ્રહ–૧૯૬૪ માં નિયત થયા મુજબ વેકેશનો સહિત રજાઓની વધુમાં વધુ સંખ્યા કોઈપણ સંજોગોમાં કેટલા દિવસથી વધવી જોઈએ નહીં ?<br>(A) ૧૦૦ દિવસ (B) ૮૦ દિવસ<br>(C) ૬૦ દિવસ (D) ૪૦ દિવસ |
| ૬૭ | ગ્રાન્ટ ઈન એઈડ–૧૯૬૪ ના નિયમ–૨૨ મુજબ શાળામાં છોકરીઓની સંખ્યાના કેટલા પ્રમાણમાં મહિલા શિક્ષિકા હોવી જોઈએ ?<br>(A) ૪૦ છોકરીઓ દીઠ એક શિક્ષિકા (B) ૫૦ છોકરીઓ દીઠ એક શિક્ષિકા<br>(C) ૩૦ છોકરીઓ દીઠ એક શિક્ષિકા (D) શાળામાં ઓછામાં ઓછી એક શિક્ષિકા |
| ૬૮ | ગ્રાન્ટ ઈન એઈડ કોડ–૧૯૬૪ ના કયા નિયમ અંતર્ગત શાળા L. C. આપવાની ના પાડી શકે નહીં ?<br>(A) નિયમ–૨૮ (B) નિયમ–૩૦<br>(C) નિયમ–૩૧ (D) નિયમ–૩૨ |

| | |
|---|---|
| ૬૯ | ગ્રાન્ટ ઈન એઈડ કોડ–૧૯૬૪ ના કયા નિયમમાં શાળા છોડયાનું પ્રમાણપત્ર વિદ્યાર્થી અરજી કરે તેના સાત દિવસની અંદર આપવું જોઈએ ?<br>(A) નિયમ–૨૯ (B) નિયમ–૩૦<br>(C) નિયમ–૩૧ (D) નિયમ–૩૨ |
| ૭૦ | ગ્રાન્ટ ઈન એઈડ કોડ–૧૯૬૪ ના કયા નિયમ મુજબ મંદ વિદ્યાર્થીઓના ખાસ શિક્ષણની જોગવાઈ થયેલ છે ?<br>(A) નિયમ–૩૬ (B) નિયમ–૩૭<br>(C) નિયમ–૩૮ (D) નિયમ–૩૯ |
| ૭૧ | ગ્રાન્ટ ઈન એઈડ–૧૯૬૪ ના કયા નિયમ હેઠળ ડી.ઈ.ઓ. અનુદાનિત શાળાને ગ્રાન્ટ કાપ કરી શકે છે?<br>(A) નિયમ–૯૬ (B) નિયમ–૫૬<br>(C) નિયમ–૫૫ (D) નિયમ–૯૫ |
| ૭૨ | શાળા સહાયક અનુદાન નિયમ સંગ્રહ–૧૯૬૪ મુજબ સત્ર ફી ની રકમ નીચે પૈકી કઈ બાબત માટે વાપરી શકશે નહીં ?<br>(A) દાકતરી તપાસ માટે (B) વાચનાલયો માટે સામાયિકો મંગાવવા માટે<br>(C) પર્યટન અને મુલાકાતના ખર્ચ માટે (D) વિદ્યાર્થીઓને ગણવેશ આપવા માટે |
| ૭૩ | માધ્યમિક શાળાનો વિદ્યાર્થી શાળા છોડયાનું પ્રમાણપત્ર (SLC) શાળા છોડયાની તારીખથી કેટલા સમયની અંદર માંગે તો કોઈ પણ ફી લીધા સિવાય પ્રમાણપત્ર કાઢી આપવું જોઈએ ?<br>(A) એક વર્ષની અંદર (B) છ માસની અંદર<br>(C) ત્રણ વર્ષની અંદર (D) બે વર્ષની અંદર |
| ૭૪ | અનુદાન નિયમ સંગ્રહમાં માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીને દૈનિક કેટલા કલાક ગૃહકાર્ય આપવાની જોગવાઈ છે ?<br>(A) બે કલાકથી વધુ નહિ (B) એક કલાકથી વધુ નહિ<br>(C) ત્રણ કલાકથી વધુ નહિ (D) અઢી કલાકથી વધુ નહિ |
| ૭૫ | રજીસ્ટર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીને શારીરિક શિક્ષા સામે પ્રતિબંધ નીચે દર્શાવેલ પૈકી શામાં ઉલ્લેખ છે ?<br>(A) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ<br>(B) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ<br>(C) સહાયક અનુદાન નિયમ સંગ્રહ<br>(D) રાજય સરકાર દ્વારા ઠરાવ કરીને પ્રતિબંધ કરેલ છે. |
| ૭૬ | અનુદાનિત શાળાએ (કન્યા શાળા) અનુદાન મેળવવાના હેતુસર શાળામાં વધુમાં વધુ કેટલા ટકા છોકરાઓને પ્રવેશ આપી શકે ?<br>(A) ૩૦ % છોકરાઓને (B) ૫૦ % છોકરાઓને<br>(C) ૭૦ % છોકરાઓને (D) ૨૦ % છોકરાઓને |

| | |
|---|---|
| ૭૭ | રાજયની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં કુલ ૦૮ (આઠ) વર્ગો છે. શિક્ષણ વિભાગના તા:૨૩–૧૦–૨૦૧૭ ના ઠરાવ મુજબ વાર્ષિક કેટલી રકમ અનુદાન પેટે મળવાપાત્ર થશે ?<br>(A) ૩૦,૦૦૦/– રૂપિયા (B) ૨૮,૮૦૦/– રૂપિયા<br>(C) ૩૬,૦૦૦/– રૂપિયા (D) આ પૈકી એક પણ નહીં |
| ૭૮ | રજીસ્ટર થયેલી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની દૈનિક હાજરી માટેના હાજરી પત્રકનો નમૂનો નીચેના પૈકી કયાં આધારે નકકી થયેલ છે ?<br>(A) સહાયક અનુદાન નિયમ સંગ્રહ<br>(B) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ<br>(C) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા નિયમો<br>(D) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો |
| ૭૯ | અનુદાનિત સરસ્વતી વિદ્યાલયના માધ્યમિક વિભાગના ધોરણ–૧૦ ગણિત વિષયનું પરિણામ સતત ત્રણ વર્ષથી ૩૦ % થી ઓછું આવે તો ગણિત શિક્ષકની સામે શું શિક્ષા કરવાની જોગવાઈ છે ?<br>(A) શિક્ષકનો ચોથા વર્ષનો એક ઈજાફો ભવિષ્યની અસર સાથે અટકાવવો.<br>(B) શિક્ષકનો ત્રીજા વર્ષનો એક ઈજાફો ભવિષ્યની અસર સાથે અટકાવવો.<br>(C) શિક્ષકનો ચોથા વર્ષનો એક ઈજાફો ભવિષ્યની અસર વગર અટકાવવો.<br>(D) શિક્ષકનો ત્રીજા વર્ષનો એક ઈજાફો ભવિષ્યની અસર વગર અટકાવવો. |
| ૮૦ | અનુદાન નિયમ સંગ્રહમાં નિયમ–૯૦.૧ માં અનુદાનિત માધ્યમિક શાળાને અનુદાન કેટલા હપ્તામાં ચૂકવવાની જોગવાઈ છે ?<br>(A) બે હપ્તામાં (B) ત્રણ હપ્તામાં<br>(C) પાંચ હપ્તામાં (D) ચાર હપ્તામાં |
| ૮૧ | ગ્રાન્ટ ઈન એઈડ કોડ ૧૯૬૪ કયા નિયમ હેઠળ માધ્યમિક શાળાઓને માન્યતા મળે છે ?<br>(A) નિયમ–૧ (B) નિયમ–૨<br>(C) નિયમ–૫ (D) નિયમ–૧૦ |
| ૮૨ | માધ્યમિક શાળાના મકાનમાં વર્ગખંડોની અપૂરતી વ્યવસ્થાના સંજોગોમાં કોઈ શાળા એક વર્ષ પૂરતી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ પાળી પધ્ધતિથી ચલાવવા માગે છે ? નીચેના પૈકી કોણ સક્ષમ સત્તાધિકારી છે ?<br>(A) બોર્ડના સચિવશ્રી (B) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી<br>(C) નિયામકશ્રી, શાળાઓની કચેરી (D) શિક્ષણ સચિવશ્રી |
| ૮૩ | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં ચૂંટાયેલ સભ્ય બોર્ડની કેટલી બેઠકો સતત બોર્ડનાં અધ્યક્ષની પરવાનગી સિવાય ગેરહાજર રહે તો સભ્ય પદ ગુમાવે?<br>(A) ચાર બેઠક (B) ત્રણ બેઠક<br>(C) બે બેઠક (D) પાંચ બેઠક |

| | |
|---|---|
| ૮૪ | " ધ એજ્યુકેશન મેન્યુઅલ ઓફ બોમ્બે " માં માધ્યમિક શાળાઓમાં વર્ષ દરમિયાન મહત્તમ કેટલી રજાઓની જોગવાઈ દર્શાવેલ છે ?<br>(A) ૮૫ દિવસ (B) ૮૦ દિવસ<br>(C) ૮૪ દિવસ (D) ૮૯ દિવસ |
| ૮૫ | " ધ એજ્યુકેશન મેન્યુઅલ ઓફ બોમ્બે " માં સમયપત્રક ગોઠવવામાં વર્ગ ખંડમાં સામાન્ય તાસ માટેનો મહત્તમ સમય કેટલી મિનિટનો હોવો જોઈએ તે દર્શાવેલ છે ?<br>(A) ૫૦ મિનિટ (B) ૪૫ મિનિટ<br>(C) ૩૫ મિનિટ (D) ૪૦ મિનિટ |
| ૮૬ | " ધ એજ્યુકેશન મેન્યુઅલ ઓફ બોમ્બે " માં બિનસરકારી શાળામાં ધોરણ–૧ થી ૩ માં મહત્તમ કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની જોગવાઈ છે ?<br>(A) ૩૦ (B) ૩૬<br>(C) ૪૦ (D) ૨૫ |
| ૮૭ | " ધ એજ્યુકેશન મેન્યુઅલ ઓફ બોમ્બે " માં સરકારી શાળાઓમાં પ્રવેશપાત્ર વિદ્યાર્થીઓની મહત્તમ સંખ્યા ધ્યાને લઈને વિદ્યાર્થી દીઠ કેટલી જગા વર્ગખંડમાં ઉપલબ્ધ કરાવવાની જોગવાઈ છે ?<br>(A) 8 sq.ft. (B) 10 sq.ft.<br>(C) 12 sq.ft. (D) 15 sq.ft. |
| ૮૮ | " ધ એજ્યુકેશન મેન્યુઅલ ઓફ બોમ્બે " માં નિર્દેશ કર્યા મુજબ શાળાએ શાળા છોડયાના પ્રમાણપત્રની સ્થળપ્રત કેટલા સમયગાળા સુધી સાચવવાની જોગવાઈ છે ?<br>(A) ૧૦ વર્ષ (B) ૦૨ વર્ષ<br>(C) ૦૩ વર્ષ (D) ૦૫ વર્ષ |
| ૮૯ | " ધ એજ્યુકેશન મેન્યુઅલ ઓફ બોમ્બે " માં નાયબ શિક્ષણ નિરીક્ષકે વાર્ષિક કેટલા દિવસ શાળાઓના નિરીક્ષણ માટે શૈક્ષણિક પ્રવાસની જોગવાઈ છે.<br>(A) ૨૧૦ દિવસ (B) ૨૫૦ દિવસ<br>(C) ૧૪૦ દિવસ (D) ૨૦૦ દિવસ |
| ૯૦ | " ધ એજ્યુકેશન મેન્યુઅલ ઓફ બોમ્બે " માં નિર્દેશ કર્યા અનુસાર વિદ્યાર્થીઓના દૈનિક હાજરીપત્રક કેટલા વર્ષ સુધી સાચવવાની જોગવાઈ છે ?<br>(A) ૧ વર્ષ (B) ૨ વર્ષ<br>(C) ૩ વર્ષ (D) ૫ વર્ષ |
| ૯૧ | " ધ એજ્યુકેશન મેન્યુઅલ ઓફ બોમ્બે " માં નિયત કર્યા મુજબ કર્મચારીને વાર્ષિક મહત્તમ કેટલી પરચૂરણ રજા (C.L.) મળી શકે ?<br>(A) ૧૫ દિવસ (B) ૧૨ દિવસ<br>(C) ૨૦ દિવસ (D) ૦૭ દિવસ |
| ૯૨ | " ધ એજ્યુકેશન મેન્યુઅલ ઓફ બોમ્બે " માં શાળાઓના વ્યવસ્થાપન, નિયમન અને નિરીક્ષણની જોગવાઈ કયા પ્રકરણમાં છે ?<br>(A) પાંચમાં (B) ત્રીજા<br>(C) ચોથા (D) બીજા |

| | |
|---|---|
| ૯૩ | શિક્ષણ અને મજૂર વિભાગના ઠરાવ ક્રમાંકઃજી.એ.સી.૧૦૬૭–ગ, તાઃ૮–૧૦–૧૯૬૮ તે કઈ સમિતિના અહેવાલના આધારે બહાર પાડેલ છે ?<br>(A) ઈશ્વરભાઈ જે. પટેલના અધ્યક્ષપણા હેઠળ નિમાયેલ સમિતિ<br>(B) મુદલિયારના અધ્યક્ષપણા હેઠળ નિમાયેલ સમિતિ<br>(C) કોઠારીના અધ્યક્ષપણા હેઠળ નિમાયેલ સમિતિ<br>(D) ડૉ. રાધાકૃષ્ણના અધ્યક્ષપણા હેઠળ નિમાયેલ સમિતિ |
| ૯૪ | પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે ઓડિયો–વિડિયો કાર્યક્રમો તૈયાર કરવાની જવાબદારી નીચેના પૈકી કઈ સંસ્થા કરે છે ?<br>(A) G.C.E.R.T. (B) G.I.E.T<br>(C) S.T.T.I (D) S.S.A. |
| ૯૫ | " ડિપ્લોમા એલીમેન્ટ્રી એજ્યુકેશન પરીક્ષા " નું આયોજન નીચેના પૈકી કઈ સંસ્થા કરે છે ?<br>(A) રાજય પરીક્ષા બોર્ડ<br>(B) બુનિયાદી અધ્યાપન શિક્ષણ બોર્ડ<br>(C) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ<br>(D) ગૌણ સેવા પસંદગી બોર્ડ |
| ૯૬ | પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે રાજય કક્ષાએ કઈ સંસ્થા વિજ્ઞાન મેળાનું આયોજન કરે છે ?<br>(A) નિયામકશ્રી, શાળાઓની કચેરી (B) G.I.E.T<br>(C) G.C.E.R.T. (D) S.S.A. |
| ૯૭ | શાળા છોડીને જનાર વિદ્યાર્થીને " શાળા છોડયાનું પ્રમાણપત્ર " નીચેના પૈકી કઈ રીતે આપેલું નિયમોનુસારનું ગણાય ?<br>(A) હાથ વડે લખાયેલ (B) કમ્પ્યુટરથી તૈયાર કરેલ<br>(C) ટાઈપ કરીને તૈયાર કરેલ (D) ઉપરના પૈકી ત્રણેય પ્રકારથી તૈયાર કરેલ |
| ૯૮ | ગ્રાન્ટેડ માધ્યમિક શાળામાં શિક્ષકો અને શિક્ષકેતર સ્ટાફની નિમણૂંક પત્રમાં નીચેના પૈકી કોણે સહી કરવી પડે ?<br>(A) શાળાના આચાર્ય (વડા) એ (B) જિલ્લા શિક્ષણાધિકારીએ<br>(C) શાળા સંચાલક મંડળના પ્રમુખ (D) શાળા સંચાલક મંડળના મંત્રીએ |
| ૯૯ | નિવૃત્ત થયેલ ખાનગી પ્રાથમિક શાળાના શિક્ષકની સેવાપોથી કોની કસ્ટડી (કબજો) માં રાખવામાં આવે છે ?<br>(A) આચાર્ય (B) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી<br>(C) કર્મચારી (D) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી |
| ૧૦૦ | સામાન્ય રીતે શાળાઓએ વર્ષ દરમિયાન પાળવાની જાહેર રજાઓમાં નીચેના પૈકી કયા દિવસનો સમાવેશ થતો નથી ?<br>(A) પ્રજાસત્તાક દિન (B) ગાંધી જયંતિ<br>(C) રામ નવમી (D) વિશ્વ યોગ દિવસ |

## ROUGH WORK

## ROUGH WORK

## ROUGH WORK